# રેંટિયા ઉપર ટોપો ? – 'સ્વાયત્તતા' અંગે થોડીક સીધી વાત | સિતાંશુ યશશ્ચન્દ્ર

કોઈ પણ પ્રશ્ન પરથી પ્રજાનું ધ્યાન હટાવવું હોય તો સહેલો રસ્તો એ પ્રશ્નને અઘરો કરવાનો, ગૂંચવી મારવાનો છે. સાહિત્યિક સંસ્થાઓની સ્વાયત્તતાના પ્રશ્નને એ રીતે ગૂંચવી મારવાની યુક્તિઓ કાબીલેદાદ છે, પણ પ્રજાવિઘાતક છે. તો સ્વાયતત્તા અંગે થોડીક સીધી વાત કરીએ.

સવાલ સરકાર અને સાહિત્ય વચ્ચેના સમ્બન્ધનો છે. (ન કે કોઈ બે સાહિત્યિક સંસ્થાઓ વચ્ચેના કોઈ વિખવાદનો.) સવાલ એ છે કે પોતાની પ્રજામાં જે સાહિત્યકારો છે, સાહિત્યના લેખકો, વાચકો, વગેરે, એમના ઉપર સરકારે ભરોસો રાખવો જોઈએ કે નહીં ? પોતપોતાના લોકશાહી બંધારણ અનુસાર ચૂંટણી દ્વારા રચાયેલા કાર્યકારી મંડળો (પ્રમુખ, મંત્રીઓ, કારોબારી, મધ્યસ્થ આદિના સભ્યો) જે-તે સાહિત્યિક મંડળનું સંચાલન કરે, એ એક રીત થઈ. સ્ટાલિનના સોવિએટ યૂનિયનમાં, અને પાકિસ્તાન જેવા ધર્મ-આધારિત રાષ્ટ્રમાં કે અર્થકારણ વડે નિયંત્રિત સમૂહમાધ્યમોમાં એ લોકશાહી રીત ન ચાલે. સવાલ એ છે કે ગુજરાતમાં શુ ચાલે ? ગુજરાતની હાલની સરકારને પોતાની પ્રજામાં રહેલા સાહિત્યકારો (લેખકો-ભાવકો) ઉપર વિશ્વાસ છે ? કે પછી એ સરકાર એમ માને છે કે સાહિત્યકારો હજી એને લાયક નથી ? હાલ તો સરકારે નીમેલા પ્રમુખ-મંત્રી (હવે તો પોતે નીમેલા સલાહકાર કે સંચાલક મંડળને પણ રુખસદ આપી દેવાઈ છે), એવી સરકાર નિયુક્ત કોઈ બેલડી દ્વારા સાહિત્યિક સંસ્થા ચલાવવી ?

અંગ્રેજોએ ૧૯મી સદીમાં આવું વલણ અપનાવેલું. 'વ્હાઈટ મેન્સ બર્ડન'ના સુશોભિત નામે એ વલણ એમણે ઓળખાવેલું. એવી કોલોનિયલ સત્તા કહેતી કે આ ભારતીયોને પોતાનું રાજ્ય ચલાવતાં, પોતાની અન્ય સંસ્થાઓ ચલાવતાં આવડતું નથી. એટલે એ બોજો, એમના લાભાર્થે, અમે ઉંચકીએ છીએ. ભારતની શી દુર્દશા એ કોલોનિયલ પાવરે કરી, એ આજના આપણા લોકશાહી ઢબે ચૂંટાઈ આવેલા દરેક પક્ષના અગ્રણીઓ જાણે છે.

પ્રજાની કલ્પનાશીલતાને સંવેદનશીલતાને, વિચારશીલતાને પોતાની પકડમાં રાખવાનું વલણ ગમે તે નામે હોય, ગમે તે એને 'માય બર્ડન' ગણતું હોય, પણ એ વલણ પ્રજાની અને રાષ્ટ્રની, સમાજની અને રાજ્યની પાયમાલી તરફ જ દોરી જાય.

ભારતીય સંસ્કૃતિ 'વાદે વાદે જાયતે તત્ત્વ બોધઃ' એમ માને છે. છ દર્શનોને, ઉપરાંત ત્રણ એથી અલગ દર્શનોને પોષનારી ભારતીય સંસ્કૃતિમાં કોલોનિયન કલ્ચર ઘુસી ન જાય, એકવીસમી સદીમાં, એની તાકીદ સહુ કોઈ વિચારવંત રાખે.

રાજાને પણ ટપારનાર તેજસ્વી ચારણી કવિઓમાં કેટલાક કઢીદાનજીઓ પણ

પાક્યા. રાજ્યાશ્રયી, ધર્માશ્રયી, વિત્તાશ્રયી લેખન કરવું છે કે આપમહેનતે આપસૂઝથી, પોતાની રીતે આગળ વધવું છે ? ગુજરાતી લેખક નક્કી કરે. આજની રાજ્યસરકાર શું ચાહે છે ? પ્રજાની, પોતાના સાહિત્યકારોની, સ્વતંત્ર ચેતનાનું પ્રફુલ્લન કે પછી નિયંત્રણ ?

નક્કી કરીએ. કોલોનિયલ પાવર સામે, જીતવી અશક્ય લાગે એવી લડાઈ, એવા સ્વાતંત્ર્યસંગ્રામો, ભારતીય પ્રજા લડી જાણે છે. હસતી હસતી. અંગ્રેજો સામેની લડાઈમાં એક ગીત હતું : 'રેંટિયા રૂપી તોપો સરકાર મેલે પોકો.' - હસી હસીને લડત જારી રાખી શકતા ગુજરાતે એમાં રમૂજી ફેરફાર કર્યો હતો 'રેંટિયા ઉપર ટોપો' - મૂકી તો જોયો પણ તોય - 'સરકાર મેલે પોકો'

મારા ભાઈઓ સ્વાયત્તતા લેવી સ્હેલ છે - જો કઢીદાનજી તમે ન હો અને કોલિનિયલ સરકાર ગાંધીનગરમાં ન હોય તો તો તરત..........

## ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા અંગે

તા.૧-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાની મથામણમાં રસ અને નિસબત ધરાવતા મિત્રો હવેના તબક્કે આગળ જવાની દૃષ્ટિએ શું કરી શકીએ એ વિચારવા પરિષદના પરિસરમાં ભેગા થયા હતા જેમાં પરિષદના મહામંત્રીએ આ બેઠકનો હેતુ દર્શાવ્યો અને પરિષદપ્રમુખ સિતાંશુ યશશ્ચન્દ્રે સ્વાયત્તતા નિમિત્તે એક નિવેદન રજૂ કર્યું. ત્યારબાદ શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી ધીરુ પરીખ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી બિપીન પટેલ, શ્રી પરેશ નાયક, શ્રી રમેશ બી. શાહ, શ્રી ભરત મહેતા, શ્રીમતી સેજલ શાહ, શ્રી સમીર ભટ્ટ, શ્રી પીયૂષ ઠક્કર, શ્રી સરૂપ ધ્રુવ, શ્રી બારીન મહેતા, શ્રી પરીક્ષિત જોશી, શ્રી મનસુખ સલ્લા ઇત્યાદિએ સ્વાયત્તતા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને તે અંગે પુખ્ત વિચારણા બાદ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની સ્વાયત્તતા અંગે નીચે મુજબ તબક્કાવાર કામ કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું.

૧. ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'માં પ્રતિમાસ સ્વાયત્તતા અંગેની સમજ વિસ્તૃત કરવા સ્વાયત્તતામાં માનતા સાહિત્યકારો-વિચારકોના વિચારો મૂકવા.

૨. ડિસેમ્બર-૨૦૧૯ના અંતમાં પરિષદના પાલનપુર ખાતે યોજાનારા જ્ઞાનસત્રના ખુલ્લા અધિવેશનમાં સ્વાયત્તતાના મુદ્દાની ચર્ચા કરવી.

૩. સ્વાયત્તતા માટે ગુજરાત કક્ષાનું એક સંમેલન યોજવું.

૪. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને આ અંગે મળવું અને જરૂર જણાયે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પણ મળવું.

૫. ગુજરાતમાં ચૂંટાયેલા ધારાસભ્યોને એમના વિસ્તારના લેખકોએ રૂબરૂ મળીને ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાનો મુદ્દો રજૂ કરવો.

❑